લોકસભા ચૂંટણી પૂરી થતાં પેટ્રોલમાં ૯ પૈસા અને ડિઝલમાં ૧૫ પૈસાનો વધારો

ન્યુ દિલ્હી,તા.૨૦

લોકસભાની ચૂંટણીના અંતિમ તબક્કાના મતદાનના બીજા જ દિવસે ઓઈલ કંપનીઓએ ડીઝલ અને પેટ્રોલના ભાવ વધારી દીધાં છે. દિલ્હી અને મુંબઈમાં પેટ્રોલ ૯ પૈસા જ્યારે કોલકત્તામાં ૮ પૈસા મોંઘું થયું. આવી જ રીતે ચેન્નઈમાં પેટ્રોલનો ભાવ ૧૦ પૈસા પ્રતિ લીટર થયું છે. જ્યારે ડીઝલના ભાવ દિલ્હી અને કોલકત્તામાં ૧૫ પૈસા અને મુંબઈ ચેન્નઈમાં ૧૬ પૈસા પ્રતિ લીટર થયું છે.

આ સાથે જ દિલ્હી, કોલકત્તા, મુંબઈ અને ચેન્નઈમાં પેટ્રોલના ભાવ વધીને ક્રમશઃ રૂ. ૭૧.૧૨, રૂ. ૭૩.૧૯, રૂ. ૭૬.૭૩ અને ૭૩.૮૨ પ્રતિ લીટર થયો છે. તેમજ ડીઝલના ભાવ પણ ક્રમશઃ રૂ. ૬૬.૧૧, રૂ. ૬૭.૮૬, રૂ. ૬૯.૨૭ અને રૂ. ૬૯.૮૮ થયાં છે.

જાણકારોનું કહેવું છે કે, આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલમાં આવેલી તેજીના કારણે પેટ્રોલ-ડીઝલના ભાવમાં હાલ કોઈ રાહત મળવાની કોઈ શક્યતા નથી. આગામી દિવસોમાં તેલના ભાવોમાં ૨ થી ૩ રૂપિયા પ્રતિ લીટરનો વધારો થઈ શકે છે.

યુદ્ધ લડશો તો બરબાદ થઈ જશો : ટ્રમ્પની ઈરાનને ધમકી

પશ્ચિમ એશિયામાં અમેરિકી સૈનિક, પેટ્રિયટ મિસાઈલ અને એફ ૧૫ ફાઈટર પ્લેન ગોઠવ્યાં

વૉશિંગ્ટન,તા.૨૦

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપતા કહ્યું છે કે જો ઈરાને અમેરિકાના હિતો પર હુમલો કર્યો તો તેને બરબાદ કરી દેવામાં આવશે. અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ હાલ ચરમસીમાએ છે એ સંજોગોમાં ટ્રમ્પના આ નિવેદનના કારણે પરિસ્થિતિ ઓર વણસવાનો અંદેશો છે.

ટ્રમ્પે ટ્વીટ કરીને કહ્યું કે જો ઈરાન યુદ્ધ કરવા ઈચ્છે છે તો તેનો અધિકૃત રીતે અંત થઈ જશે. હવે પછી અમેરિકાને ધમકી આપવાની હિંમત ન કરશો. ઉલ્લેખનીય છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ એટલો વધી ગયો છે કે અમેરિકાએ પોતાનો નૌકા કાફલો અને બોમ્બર વિમાનો ગલ્ફમાં તૈનાત કરી દીધાં છે.

ઈરાનના વિદેશ મંત્રીએ અગાઉ કહ્યું હતું કે તેઓ યુદ્ધ ઈચ્છતા નથી. અમેરિકાએ એવી ચેતવણી પણ આપી છે કે ફારસની ખાડી પર થઈને પસાર થતા કમર્શિયલ વિમાનો પર ખતરો હોઈ શકે છે. અગાઉ ઈરાને પણ કહ્યું હતું કે તે ખાડી દેશોમાં અમેરિકાના જહાજોને આસાનીથી નિશાન બનાવી શકે છે. ઉલ્લેખનીય છે કે ઈરાન અગાઉ ધમકી આપી ચૂક્યું છે કે તે પેટ્રોલિયમના જહાજોની અવરજવર માટે મહત્વપૂર્ણ એવી હોરમુઝની ખાડીનો જળમાર્ગ બંધ કરી શકે છે.

ઓબામાંના રાજમા ઈરાન સાથેઁ (૫+૧) દેશો, જર્મની અને યુરોપીયન સંઘની ન્યુક્લિયર ડીલ પર સમાધામન થઈ ચૂક્યું છે. પરંતુ ટ્રમ્પ સરકાર આ ડીલ પરથી હટી ગઈ. ત્યારબાદ અમેરિકા દ્વારા ઈરાન પર કેટલાય પ્રતિબંધ લાદવામાં આવ્યા છે.

અટકળો વચ્ચે માયાવતી રાહુલ - સોનિયા ગાંધીને મળ્યા નહિ

ચંદ્રબાબૂએ બે વાર કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી અને એનસીપી નેતા શરદ પવાર સાથે મુલાકાત કરી હતી. ત્યારપછી તેઓ યુપીએ ચેરપર્સન સોનિયા ગાંધી, આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ, બસપા સુપ્રીમો માયાવતી અને સપા અધ્યક્ષ અખિલેશ યાદવને મળ્યા હતા. ત્યારપછી જાણવા મળ્યું હતું કે, માયાવતી સોમવારે દિલ્હીમાં રાહુલ અને સોનિયા ગાંધી સાથે મુલાકાત કરશે. પરંતુ બસપાએ સ્પષ્ટ કરી દીધું છે કે, આજે માયાવતીનો એવો કોઈ કાર્યક્રમ નથી. તે સિવાય નાયડૂએ ડાબેરી નેતા સુધાકર રેડ્ડી અને લોકતાંત્રિક જનતા દળના નેતા શરદ યાદવ સાથે પણ ચર્ચા કરી હતી.

સરકાર મજબૂત છે, ભાજપ દિવાસ્વપ્ન જોવાનું બંધ કરેઃ કમલનાથ

બીજી તરફ મધ્યપ્રદેશની કમલનાથ સરકારે ભાજપને જવાબ આપીને કહ્યું છે કે, ''સરકાર, મજબૂત છે, ભાજપ આ દિવા સ્વપ્ન જોવાનું બંધ કરે.'' કોંગ્રેસ નેતા મુકેશ નાયકે કહ્યું- ''જે સંસદીય નિયમ અને પ્રક્રિયા છે, તેના પ્રમાણે વિધાનસભાનું વિશેષ સત્ર ત્યારે જ બોલાવી શકાય જ્યારે નિશ્ચિત સમયે ધારાસભ્ય તેની માગણી રજૂ કરે કે મુખ્યમંત્રીને સત્ર માટે કહે.''

સોનિયાએ ૨૩મેના રોજ બિન-એનડીએ દળોની બેઠક બોલાવી

યુપીએના ચેરપર્સ સોનિયા ગાંધીએ ૨૩મેના રોજ બિન-એનડીએ દળોની બેઠક બોલાવી છે. પાર્ટીના સૂત્રો પ્રમાણે, કોંગ્રેસનું માનવું છે કે ભાજપને આ વખતે બહુમતી નહીં મળે. જેને જોતા યુપીએ પ્રમુખે સેક્યુલર પાર્ટીઓના નેતાઓને નિમંત્રણ મોકલ્યું છે. જેમાં શરદ પવાર , દ્રમુક પ્રમુખ એમકે સ્ટાલિન , રાજદ અને ટીએમસીના નેતાઓ પણ સામેલ છે. જેના માટે કોંગ્રેસે ચાર નેતાઓની ટીમ પણ બનાવી છે, જેમાં અહેમદ પટેલ , પી ચિદંબરમ , ગુલામ નબી આઝાદ અને અશોક ગેહલોત સામેલ છે.

૧૦૦૦ ટકા વિશ્વાસ છે કે ટીડીપી ચૂંટણી જીતશે : ચંદ્રબાબુ નાયડુ

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રાબાબૂ નાયડૂએ જીતનો વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે, તેલુગુ દેશમ પાર્ટી ચૂંટણી જીતશે. જો કે તેમણે કઈ ચૂંટણી જીતશે તે સ્પષ્ટ નહોતું કર્યું કારણ કે, તેમના રાજ્યમાં લોકસભાની ચૂંટણીની સાથે સાથે વિધાનસભાની ચૂંટણી પણ યોજાય છે. તેમણે કહ્યું કે, મને ૧૦૦૦ ટકા વિશ્વાસ છે કે TDP ચૂંટણી જીતશે. મને ૦.૧% પણ શંકા નથી. અમે જીતી રહ્યાં છીએ. સાથે જ તેમણે આરોપ લગાવ્યો કે, ઈફસ્ની ખરાબી અને છેડછાડની અફવા શંકા પેદા કરી છે. મતગણતરીની પ્રક્રિયામાં ઘણી અડચણો છે જેને દૂર કરવા ચૂંટણીપંચે પગલા ભરવા જોઈએ. ઈફસ્ને લઈને ઘણી અફવઓ છે કે પ્રિંટર સાથે છેડછાડ કરવામાં આવી શકે છે અને કંટ્રોલ પેનલને બદલી શકાય છે. ચૂંટણીપંચે જ આ શંકાઓને જગ્યા આપી છે.

એક્ઝિટ પોલના અંદાજ જોઈને પરિણામ પહેલાં જ વિપક્ષમાં હોબાળો શરૂ થઈ ગયો છે. આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડૂ મંગળવારે ચૂંટણી પંચ કાર્યાલયની બહાર ધરણાં કરવાના છે. ફફઁછ્ની ગણતરીની માગણી માટે તેઓ ચૂંટણી પંચની બહાર ધરણાં કરવાના છે. તેમની સાથે વિપક્ષના અન્ય નેતા પણ સામેલ થાય તેવી શક્યતા છે.

સુષ્મા, નિર્મલા, જાવડેકર સહિતના મંત્રીઓએ સરકારી બંગલાનુ ભાડુ નથી ચૂકવ્યુ

આવાસ અને શહેરી મામલાઓનાં મંત્રાલયે કહ્યું છે કે વિજય ગોયલ, પ્રકાશ જાવડેકર, નિર્મલા સીતારામન અને સુષ્મા સ્વરાજ સહિત અનેક કેન્દ્રીય મંત્રીઓએ પોતાના સરકારી બંગલામાં ફેબ્રુઆરી સુધીની બાકી રકમની ચૂકવણી કરી નથી. મંત્રાલયે એક આરટીઆઈના જવાબમાં કહ્યું છે કે કેન્દ્રીય લઘુમતી મામલાઓનાં મંત્રી મુખ્તાર અબ્બાસ નકવી અને પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસ રાજ્ય મંત્રી જિતેન્દ્ર સિંહે પણ પોતાના બંગલાની બાકીની રકમની ચૂકવણી કરી નથી. મંત્રાલયના એક અધિકારીએ કહ્યું હતું કે આ બાકી રકમ બંગલામાં ઉપલબ્ધ ફર્નિચર તથા અન્ય વસ્તુઓને સંબંધિત છે.

મંત્રાલયનાં અનુસાર, નકવી અને સિંહ પર આ અવધિમાં ક્રમશઃ ૧.૪૬ લાખ અને ૩.૧૮ લાખ રૂપિયા બાકી છે. અજીતકુમાર સિંહ દ્વારા કરાયેલી આરટીઆઈના જવાબમાં આ જાણકારી આપવામાં આવી હતી. આરટીઆઈનાં જવાબમાં કહેવાયું છે કે સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામન પર ફેબ્રુઆરી સુધીમાં ૫૩૨૭૬ રૂપિયા જ્યારે પ્રકાશ જાવડેકર પાસે ૮૬૯૨૩ રૂપિયા બાકી નીકળે છે. જેની તેમણે ચૂકવણી કરી નથી. આ ઉપરાંત સંસદીય કાર્ય રાજ્યમંત્રી વિજય ગોયલે પણ લગભગ ૩ લાખ રૂપિયાની ચૂકવણી કરવાની બાકી છે. એવી જ રીતે કૃષિ રાજ્યમંત્રી ગજેન્દ્રસિંહે પણ ૨ ૨૮૮૨૬૯ ચૂકવવાના બાકી છે. વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે ૯૮૮૯૦ રૂપિયા ચૂકવવાના બાકી છે.

એક્ઝિટ પોલથી ભાજપ નાના પક્ષોને લાલચ આપે છે : કુમારસ્વામી

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને ટીએમસી પ્રમુખ મમતા બેનરજી પછી હવે કર્ણાટકના મુખ્યમંત્રી એચડી કુમારસ્વામીએ એક્ઝિટ પોલ પર પ્રશ્નો કર્યા છે. તેમણે કહ્યું કે એક્ઝિટ પોલ દ્વારા ભાજપ ચૂંટણી પરિણામ પહેલા જ નાના-નાના પક્ષોને લલચાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

કુમારસ્વામીએ ઉપરા-ઉપરી બે ટ્વીટ કરી હતી. તેમણે કહ્યું કે 'દરેક વિપક્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સાશનમાં ઈફસ્ની વિશ્વાસનીયતા પર ચિંતા વ્યક્ત કરી હતી. વિપક્ષો આ માટે સુપ્રીમ કોર્ટમાં પણ ગયા છે. પારંપારિક બેલેટ પેપર દ્વારા મતદાન કરવા માટેની માગણી પણ કરવામાં આવી હતી. જેથી તેમાં કોઈ પ્રકારનું કૌભાંડ થવાની શક્યતા રહે નહીં. ઈફસ દ્વારા થતા મતદાનમાં ગરબડ થવાની પૂર્ણ શક્યતા રહે છે. સમગ્ર વિશ્વમાં પણ અને ખાસ તો કેટલાક વિકસિત દેશોમાં પણ બેલેટ પેપરથી મતદાન થાય છે.

ભારતની ચૂંટણીમાં ફેસબુક-ગૂગલ માલામાલ

ગૂગલ પર ભાજપે ૧૭ કરોડ તો કોંગ્રેસે ફેસબુક પર ૧.૪૬ કરોડ ખર્ચ કર્યા

ન્યુ દિલ્હી,તા.૨૦

ભારતમાં રાજકીય પક્ષોએ આ વર્ષે ફેબ્રુઆરીથી પહેલાં અત્યાર સુધી ફેસબુક અને ગૂગલ વગેરે ડિજિટલ પ્લેટફોર્મ પર પ્રચારના મદમાં ૫૩ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કર્યા. તેમાં સત્તારૂઢ ભાજપની ભાગીદારી સૌથી વધુ રહી. ફેસબુકની જાહેરાત સાથે જોડાયેલી રિપોર્ટ અનુસાર આ વર્ષે ફેબ્રુઆરીની શરૂઆતથી ૧૫ મે સુધી તેના પ્લેટફોર્મ પર ૧.૨૧ લાખ રાજકીય જાહેરાત ચાલી. આ જાહેરાતો પર રાજકીય પાર્ટીઓએ ૨૬.૫ કરોડ રૂપિયા ખર્ચ કર્યા.

આ પ્રકારે ગૂગલ, યૂટ્યૂબ અને તેની સહાયક કંપનીઓ પર ૧૯ ફેબ્રુઆરીથી અત્યાર સુધી ૧૪,૮૩૭ જાહેરાતો પર રાજકીય પક્ષોએ ૨૭.૩૬ કરોડ રૂપિયા ખર્ચ કર્યા. સત્તારૂઢ ભાજપે ફેસબુક પર ૨,૫૦૦થી વધુ જાહેરાતો પર ૪.૨૩ કરોડ રૂપિયા ખર્ચ કર્યા. 'માય ફર્સ્ટ વોટ ફોર મોદી', 'ભારતના મનની વાત' અને 'નેશન વિથ નમો' જેવા પેજે પણ સોશિયલ નેટવર્કિંગ પર જાહેરાતો પર ૪ કરોડ રૂપિયા ખર્ચ કર્યા. ગૂગલના મંચ પર ભાજપે ૧૭ કરોડ રૂપિયાથી ખર્ચ કર્યા.

કોંગ્રેસે ફેસબુક પર ૩,૬૮૬ જાહેરાતો પર ૧.૪૬ કરોડ રૂપિયા ખર્ચ કર્યા. તો બીજી તરફ ગૂગલ પર ૪૨૫ જાહેરાતો પર રાહુલ ગાંધીના નેતૃત્વવાળી પાર્ટીનો ખર્ચ ૨.૭૧ કરોડ રૂપિયા રહ્યો. ફેસબુકના આંકડાના અનુસાર તૃણમૂલ કોંગ્રેસે તેના મંચ પર જાહેરાતો પર ૨૯.૨૮ લાખ રૂપિયા ખર્ચ કર્યા. આમ આદમી પાર્ટીએ ફેસબુક પર ૧૭૬ જાહેરાતો ચલાવી અને તેના માટે તેણે ૧૩.૬૨ લાખ રૂપિયા ખર્ચ કર્યા હતા. ગૂગલના અનુસાર તેના પ્લેટફોર્મ પર ઓર્બર્ન ડિજિટલ સોલ્યૂશન્સ તમારા માટે જાહેરાત કરી રહ્યા છે અને તેને ૧૯ મે બાદ ૨.૧૮ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા.

નિયમનો સરેઆમ ભંગ : જાહેરમાર્ગો પર રેતીનું પરિવહન કરતાં ટ્રક - ટ્રેક્ટર પર તાડપત્રી નાખવી જોઈએ એવો નિયમ સરકારે વર્ષોથી જાહેર કર્યો છે. પરંતુ ડીસામાં આ નિયમના લીરેલીરા ઉડાડતા ટ્રક - ટ્રેક્ટર જાહેર માર્ગો પર બિન્દાસ ફરે છે.

મણીનગરમાં શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાની જયંતી ઉજવાઈ

કચ્છમાં આચાર્ય સ્વામીજી મહારાજના સાન્નિધ્યમાં પણ આ પર્વ ઉજવાયું

શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અપર સ્વરૂપ એટલે શ્રીજીસ્વયં મૂર્તિ જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રી. સર્વાવતારી શ્રીમુખેથી. એજ રીતે જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રીએ સંતો-ભક્તો પર અનરાધાર કૃપાવૃષ્ટિ કરી વાતોનું સંકલન કરનાર નીડર સિદ્ધાંતવાદી શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાની ૧૫૨મી

શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આલોકમાં મનુષ્યરૂપે ૧૨૫ વર્ષ દર્શનદાન દેવાનો સંકલ્પ હતો. પરંતુ ૪૯ વર્ષ, ૨ માસ અને ૧ દિવસ મનુષ્યરૂપે દર્શન આપી અને અંતર્ધાન લીલા કરી. ૧૫ વર્ષની ડૂબકી મારી અને પુનઃ વૃષપુર-કચ્છમાં અબજીબાપાશ્રી સ્વરૂપે પ્રગટ થયા. અનેકવિધ દિવ્ય ચરિત્રો કરી અબજોના આત્યંતિક કલ્યાણ કર્યા.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ''વચનામૃત'' એ શિરમોડ ગ્રંથ છે. જેનું પ્રાગટ્ય સંતોના સાન્નિધ્યમાં થયું હતું. શ્રી સ્વામિનારાયણ ભગવાનના શ્રીજી મહારાજના દિવ્યામૃતનું પણ કરાવી સહજમાં સ્થિતિ કરાવી હતી. મૂર્તિસુખની લ્હાણી એવા ''અબજી બાપાશ્રીની વાતો'' ગ્રંથનું પ્રાગટ્ય સંવત ૧૯૬૨ના વૃષપુરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાર્વભૌમ નાદવંશ પરંપરાના તૃતીય વારસદાર નીડર સિદ્ધાંતવાદી શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપા વગેરેના પાવન સાન્નિધ્યમાં થયું હતું. આવામહાન ગ્રંથની ૧૧૩મી જયંતી અને બીજુ મહાન પર્વ શ્રી રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત અને અબજી બાપાશ્રીની પ્રાગટ્ય જયંતીની ઉજવણી સંતો-ભક્તોએ સાથે મળીને આનંદોલ્લાસભેર કરી હતી.

જેમાં સલૂણી સંધ્યાએ સંતો-ભક્તોએ ભક્તિ સંધ્યા, જીવનપ્રાણ અબજી બાપાશ્રી તેમજ સદ્ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાનું મહિમાગાન, સંતવાણી, બાપાશ્રીની વાતોનું પૂજન,અર્ચન તેમજ અદ્ભુત દર્શનનો લ્હાવો વગેરે અનેકવિધ કાર્યક્રમોથી સમગ્ર વાતાવરણ ભક્તિસભર બની ગયું હતું, અમદાવાદ શહેરમાં વસતા અસંખ્ય હરિભક્તોએ અણમોલો અવસરને માણ્યો હતો.

નાથુરામ ગોડસેનો જન્મદિન ઉજવનાર આઠની અટકાયત

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ગોળીઓ મારી હત્યા કરનારા નથુરામ ગોડસેને લઈને થોડા દિવસ પહેલા લોકસભાની ચૂંટણીમાં પણ ભારે વિવાદ થયો હતો ત્યારે સુરતના લિંબાયતમાં આજે ભારતીય હિન્દુ મહાસભાના કાર્યકરો દ્વારા નથુરામ ગોડસેની ૧૦૯મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવતા મોટો વિવાદ સર્જાયો હતો. દેશભક્ત નાગરિકોની લાગણી દુભાઈ હતી તો, ભાજપે પણ આ સમગ્ર ઘટનાની આકરા શબ્દોમાં નિંદા કરી હતી. વિવાદ વકરતાં લિંબાયત પોલીસ પણ હરકતમાં આવી હતી અને અખિલ ભારતીય હિન્દુ મહાસભાની ઉજવણી કરનારા આઠ કાર્યકરોની અટકાયત કરી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી હતી. સુરતના લિંબાયત ખાતે આજે અખિલ ભારતીય હિન્દુ મહાસભા દ્વારા પંચમુંખી હનુમાનજીના મંદિર ખાતે નાથુરામ ગોડસેની તસવીર મૂકી તેની સામે ૧૦૯ દિવા પ્રગટાવી અને ૧૦૯ લાડુનો પ્રસાદ ધરાવી તેમના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. જો કે, ગોડસેની જન્મદિનની ઉજવણીને લઈ સમગ્ર રાજયમાં ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. ખાસ કરીને ભાજપ અને કોંગ્રેસે પણ આ ઘટનાની આકરા શબ્દોમાં નિંદા કરી તેને વખોડી કાઢી હતી. તો બીજીબાજુ, સુરત સહિત રાજયના પ્રજાજનોમાં પણ ઘટનાને લઈ ઉગ્ર આક્રોશ ફાટી નીકળ્યો હતો. ગોડ્સેના જન્મ દિવસની ઉજવણીનો વિરોધ કરતા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ટ્વિટ પણ કર્યું હતું. લિંબાયત વિસ્તારમાં ગુજરાત અખિલ ભારતીય હિન્દુ મહાસભાના યુવાઓ દ્વારા નાથુરામ ગોડસેના ૧૦૯માં જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. દરમ્યાન હિન્દુ મહાસભાના યુવા નેતા હિરેન મુશરાએ જણાવ્યું કે, ગોડસેએ ગાંધીની હત્યા કરી તે એક અલગ વાત છે.પરંતુ ગાંધીની જે નીતિ અને વિચારધારા હતી, તેના કારણે હિંદુઓ પર અત્યાચાર ગુજારવામાં આવી રહ્યો હતો.

ખોટા સાબિત થશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગ્રણીઓ સમગ્ર રાજ્યમાં પાણી અને ઘાસચારાની અછત અંગે સર્વે કરી રહ્યા છે. જો સરકાર વહેલી તકે પાણી-ઘાસચારાનો પ્રશ્ન હલ નહીં કરે તો કોંગ્રેસ દ્વારા આગામી દિવસોમાં આંદોલન કરવામાં આવશે. દરમ્યાન પૂર્વ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, લોકસભાની ચૂંટણી પૂર્ણ થતાં એન.ડી.એ. તરફી આવી રહેલા તમામ એક્ઝિટ પોલ ખોટા સાબિત થશે. અટલ બિહારી વાજપાઈની સરકાર સમયે એક્ઝિટ પોલ ખાટા સાબિત થયા હતા.

છેલ્લા પાંચ વર્ષમાં તમામ ક્ષેત્રે નિષ્ફળ ગયેલી ભાજપા સરકાર વિરૂધ્ધ લોકોએ મતદાન કર્યું છે. ગુજરાતમાં પણ ૨૬ માંથી ૧૪થી વધુ સીટો કોંગ્રેસની આવશે અને કોંગ્રેસની બહુમતી આવશે. અમિત ચાવડા અને ભરતસિંહ સોલંકીએ સ્વ.જીતેન્દ્ર ઠાકોર અંગે દુઃખ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ઠાકોર પરિવાર સામાજીક સેવા કરવામાં વર્ષોથી આગળ રહ્યું છે. પરિવાર વર્ષોથી કોંગ્રેસ સાથે રહીને સમાજની સેવા કરી છે.

જીતુભાઈ ઠાકોરના પરિવારને ભગવાન આવી પડેલું દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી અમે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ.

પારદર્શક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પંચે નોડલ ઓફિસરો માટે પણ ખાસ સૂચનાઓ આપી છે અને તેમની કામગીરી પણ નિયત કરી છે.

આજે આ નોડલ ઓફિસરોની હાજરીમાં બધાએ જિલ્લાઓમાં બેઠકો થઈ ગઈ હોવાનું પંચના સૂત્રોએ જણાવ્યુ છે. પંચ દ્વારા મતગણતરી સ્થળ પર વિશેષ વ્યવસ્થાઓ પણ ઉભી કરવામાં આવનાર છે. જેમાં સતત રાઉન્ડવાર પરિણામની ઘોષણા તેમજ બીગ સ્ક્રીન મુકવામાં આવનાર છે.

પંચે આ વખતે મતગણતરી માટે દરેક વિધાનસભા બેઠકવાર કલર કોડ પણ મતગણતરી એજન્ટો માટે નિયત કર્યા છે તેમજ આદર્શ મતગણતરી કેન્દ્ર કેવુ હોવુ જોઈએ તે પણ દરેક ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીઓને બનાવી તાલિમ પણ આપેલ છે. જે ઉલ્લેખનીય છે.

ગરમીનો પારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગરમીનો પારો ધીમે ધીમે ઉપર ચઢતા હવે મહત્તમ તાપમાન ફરી ૪૦ ડીગ્રીને પાર પહોંચી ગયુ છે. જેના લીધે દિવસ દરમિયાન આકરા તાપમાં સેકટરવાસીઓ બહાર જવાનુ ટાળે છે. ગરમીનો પારો દિનપ્રતિદિન ઉંચે ચઢતા વળતા ઉનાળે શહેરીજનોએ ફરી આકરી ગરમી વેઠવાનો વારો આવ્યો છે. જો કે આગામી સપ્તાહમાં વાતાવરણ પલ્ટાના લીધે વરસાદ દસ્તક દેશે તેમ પણ મનાઈ રહ્યુ છે. આજે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાન ૨૯.૨ ડીગ્રી નોંધાયુ હતુ જયારે સવારે ભેજનુ પ્રમાણ ૬૪ ટકા નોંધાયુ છે. અંગ દઝાડતી ગરમીના લીધે હીટવેવથી બચવા માટે નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે. જયારે ગરમીથી બચવા માટે પણ જુદા જુદા નુસખા અજમાવી રહ્યા છે.

ઉછાળો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચાલુ શેર આજે બાવન સપ્તાહની ઉંચી સપાટીએ રહ્યો હતો. આ તેજીનો માહોલ હજુ રહી શકે છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારની સત્તામાં વાપસી થઈ રહી છે તેવા એગ્ઝિટ પોલના તારણ બાદ મુડીરોકાણકારો ખુશીથી આજે ઝુમી ઉઠયા હતા. તેજીનો માહોલ રહ્યો હતો. લોકસભાની ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે મતદાન થયા બાદ એક્ઝિટ પોલના તારણે જારી કરવામાં આવ્યા હતા. જેમાં મોદીના જાદુ હેઠળ ફરી એકવાર કેન્દ્રમાં મોદી સરકાર બની રહી છે. લોકસભાની ચૂંટણીના સાતમાં અને અંતિમ તબક્કાના મતદાન બાદ ગઈકાલે સાંજે એક્ઝિટ પોલના તારણો જારી કરવામાં આવ્યા હતા. મોટાભાગના એક્ઝિટ પોલમાં ફરી એકવાર નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર બનવાના સંકેત આપવામાં આવ્યા હતા. ટાઈમ્સનાઉ-વીએમઆર, સી-વોટર અને જનકી બાત, ચાણક્યના એક્ઝિટ પોલ મુજબ ફરી એકવાર ભાજપ કેન્દ્રમાં સરકાર બનાવશે. ટાઈમ્સનાઉ અને વીએમઆરના એક્ઝિટ પોલમાં જણાવવામાં આવ્યું હતુ કે, એનડીએ શાનદારરીતે સત્તામાં વાપસી કરશે. મોદી લહેરની સામે શાસન વિરોધી પરિબળની કોઈ અસર દેખાઈ નથી. વિરોધ પક્ષો સરકારને હચમચાવી મુકવામાં નિષ્ફળ રહ્યા છે. ઉત્તરપ્રદેશમાં મહાગઠબંધન પણ અપેક્ષા મુજબ ટક્કર આપવામાં નિષ્ફળ છે. પોલ સંકેત આપી રહ્યા છે કે વિપક્ષોના તમામ આક્ષેપો છતાં પ્રજાએ મોદી સરકાર પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન સેંસેક્સમાં ૪૬૮ પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો. શુક્રવારના દિવસે સેંસેક્સ ૫૩૭ પોઈન્ટ અથવા તો ૧.૪૪ ટકા સુધરીને ૩૭૯૩૧ની સપાટી ઉપર રહ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેંજમાં નિફ્ટી ૧૫૦ પોઈન્ટ રિકવર થઈને ૧૧૪૦૭ની સપાટી ઉપર રહ્યો હતા. આજે કારોબાર દરમિયાન બીએસઈમાં આશરે ૪૦ કંપનીઓના શેરમાં બાવન સપ્તાહની ઉંચી સપાટી જોવા મળી હતી. જેમાં બજાજ ફાયનાન્સ, ફેડરલ બેંક, એચડીએફચી બેંક, એસઆરએફ, ટાઈટન, કોટક મહિન્દ્રા અને પીવીઆરના શેરનો સમાવેશ થાય છે. મોદી સરકારની વાપસીથી શેરબજાર ઝુમી ઉઠ્યા છે.

સંકટમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સપાટી પર આવી રહ્યા છે તે સંકેત આપી રહ્યા છે કે કોંગ્રેસની પાસે હવે જનમત પણ નથી. આના પર વિધાનસભાના મંચ પર ચર્ચા કરવામાં આવે તે જરૂરી છે. બીજી બાજુ પ્રદેશની કમલનાથ સરકારે કહ્યુ છે કે ભારતીય જનતા પાર્ટીના આરોપો આધારવગરના છે. સરકાર મજબુત છે. ભાજપે દિવસમાં સપના જોવા જોઈએ નહીં. કોંગ્રેસના નેતા મુકેશ નાયકે કહ્યુ છે કે જે સંસદીય નિયમ અને પ્રક્રિયા છે તે મુજબ વિધાનસભાનુ ખાસ સત્ર બોલાવી શકાય છે. જ્યારે કોઈ માંગ કરવામાં આવી છે ત્યારે રજૂઆત હોવી જોઈએ. વર્ષ ૨૦૧૮માં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે શિવરાજ સરકારને હાર આપીને સત્તા મેળવી હતી. જો કે ત્યારબાદ કોંગ્રેસ પાર્ટીની કામગીરીને લઈને સામાન્ય લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. ૨૩૦ સભ્યોની વિધાનસભામાં કોંગ્રેસને ૧૧૪ સીટ મળી હતી. ભારતીય જનતા પાર્ટીને ૧૦૯ સીટ મળી હતી. ખુબ ઓછા અંતરના કારણે ભારતીય જનતા પાર્ટીની મધ્યપ્રદેશમાં હાર થઈ હતી. છેલ્લે સુધી જોરદાર સ્પર્ધા જોવા મળી હતી. બહુજન સમાજવાદી પાર્ટીને બે સીટ મળી હતી. આવી જ રીતે સમાજવાદી પાર્ટીને એક સીટ મળી હતી. અપક્ષોને ચાર સીટ મળી હતી. બસપ અને અન્ય અપક્ષ દ્વારા કમલનાથ સરકારને ટેકો આપ્યો હતો. હવે લોકસભાની ચૂંટણી બાદ એક્ઝિટ પોલના તારણ સપાટી પર આવી રહ્યા છે તે જોતા મધ્યપ્રદેશમાં કોંગ્રેસ સરકાર હોવા છતાં ભારતીય જનતા પાર્ટી શાનદાર દેખાવ કરવાની દિશામાં આગળ વધી રહી છે. એક્ઝિટ પોલના જે તારણ સપાટી પર આવ્યા છે તે જોતા મધ્યપ્રદેશમાં મોટા ભાગની સીટો ભારતીય જનતા પાર્ટીના ખાતામાં જઈ રહી છે. જેથી કોંગ્રેસની છાવણીમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે.

હોબાળો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સપાટી ઉપર આવ્યા ન હતા. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી અને ટીડીપીના નેતા નાયડુએ આજે કહ્યું હતું કે, મતગણતરીની પ્રક્રિયામાં અનેક પ્રકારની સમસ્યા છે. ચૂંટણી પંચે આ તમામ સમસ્યાઓના ઉકેલ માટે પગલા લેવા જોઈએ. ઈવીએમને લઈને ચાલી રહેલી અફવાઓ પણ ધ્યાન આપવાની જરૂર છે. બીજી બાજુ સીપીએમના વરિષ્ઠ નેતા સીતારામ યેચુરીએ આજે કહ્યું હતું કે, ઈવીએમમાં નોધાયેલા વોટ અને વીવીપેટ